Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 133, March, 2024
Paper ID: RRJ393720
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-133-march-2024/RRJ393720

# ૨૦૦૧ કચ્છ ધરતીકંપ સમયે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS) ના સેવાકાર્યથી જનસમાજને થયેલા લાભો

સંશોધક
પ્રતિક એ. ગઢવી
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી, જુનાગઢ

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ભારતના ૫૨માં પ્રજાસત્તાક દિવસે સવારે ૮.૪૬ એ આવ્યો હતો અને ૨ મિનિટ કરતાં વધુ ચાલ્યો હતો. આ ધરતીકંપનું કેન્દ્ર ગુજરાતના કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ચોબારી ગામથી ૯ કિમી દક્ષિણ-દક્ષિણપશ્ચિમેહતું આ ધરતીકંપ ૭.૭ માપનો હતો. ધરતીકંપને કારણે આશરે ૨૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા ૧,૬૭,૦૦૦ લોકો ઇજા પામ્યા હતા અને આશરે ૪,૦૦,૦૦૦ ઘરો વિનાશ પામ્યા હતા

કચ્છમાં મૃત્યુઆંક ૧૨,૩૦૦નો હતો. ભૂજ શહેર, જે ધરતીકંપના કેન્દ્રથી માત્ર ૨૦ કિમી દૂર હતું, તે મોટાભાગે નાશ પામ્યું હતું. ભચાઉ અને અંજારમાં પણ ભારે વિનાશ થયો હતો અને અંજાર, ભૂજ અને ભચાઉ તાલુકાના હજારો ગામોમાં તારાજી સર્જાઇ હતી. આ ગામોમાં લાખો ઘરો જેમાં ઐતહાસિક ઇમારતો અને પર્યટક સ્થળોનો સમાવેશ થતો હતો ધરતીકંપને કારણે ભૂજના ચાલીસ ટકા ઘરો, આઠ શાળાઓ, બે હોસ્પિટલ અને ચાર કિમીનો માર્ગ નાશ પામ્યો હતો. શહેરનું ઐતહાસિક સ્વામિનારાયણ મંદિર, ઐતહાસિક કિલ્લાઓ, પ્રાગ મહેલ અને આયના મહેલને પણ ભારે નુકશાન થયું હતું. અમદાવાદમાં, ૫૦ બહુમાળી ઇમારતો નાશ પામી હતી અને સંખ્યાબંધ લોકોના મૃત્યુ થયા હતા તેમજ આશરે કુલ ૫.૫ બિલિયન ડોલરની સંપતિનું નુકશાન થયું હતું. કચ્છમાં ધરતીકંપને કારણે ૬૦ ટકા ખોરાક અને પાણીનો પુરવઠો અને આશરે ૨,૫૮,૦૦૦ ઘરો નાશ પામ્યા હતા જે જિલ્લાના ૯૦ ટકા ઘરો હતા. ભૂજની સિવિલ હોસ્પિટલ સંપૂર્ણ પણે નાશ પામી હતી. ભારતીય સૈન્યે તાત્કાલિક મદદ પૂરી પાડી હતી અને ત્યાર બાદ રેડ ક્રોસ અને રેડ ક્રિસેન્ટ જેવા આંતર રાષ્ટ્રીય સંગઠનો મદદે આવ્યા હતા. રેડ ક્રોસની કામચલાઉ હોસ્પિટલ જ્યાં સુધી નવી હોસ્પિટલ બંધાઇ નહી ત્યાં સુધી ભૂજમાં કાર્યરત રહી હતી.



Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 133, March, 2024
Paper ID: RRJ393720
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-133-march-2024/RRJ393720

ભૂકંપ સમયે કચ્છના અંદાજિત ૫૦ જેટલા ગામોના લોકોને મદદ કરવા માટે રાષ્ટ્ર સેવિકા સમિતિ સૌરાષ્ટ્રની માર્ચ ૨૦૦૧ના રોજ કચ્છ મુકામે પહોંચી હતી. જેમાં રાજકોટ જિલ્લામાંથી ૩૦ બહેનો, સુરેન્દ્રનગર જિલ્લામાંથી ૪૫ બહેનો, જામનગર જિલ્લામાંથી ૩૦ બહેનો જોડાઈ હતી ત્યાં તેઓએ હોસ્પિટલ સેવા તેમજ જીવનજનરૂરી ચીજવસ્તુઓનુ એકત્રીકરણ, વિભાજન અને વહેંચણીનું જન સેવા કાર્ય કર્યું હતું. રાષ્ટ્રસેવિકા સમિતિએ પ્રત્યેક ગામમાં ભજન કેન્દ્ર પણ શરૂ કરીને બહેનોની માનસિક સંતાપની લાગણી સુધારવાના પ્રયત્નો કર્યા હતા.




આમ આ ગુજારા ભૂકંપ થી રણ વિસ્તારના ગામો તથા જનજીવનમાં થયેલ આકાર નુકસાનને સુધારવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) દ્વારા સેવા યજ્ઞ કર્યો જેમાં રાહત કાર્યો શરૂ કર્યા તથા ગામોમાં થયેલ નુકસાનને સામે (RSS) ના (પશ્ચિમ ક્ષેત્ર)ના સંપર્ક પ્રમુખ ના નેતૃત્વમાં અનેક મકાનો તથા ગામની મિલકતને ઉભી કરી અને લોકોને મકાનો કરી સુખાકારીની અનુભૂતિ કરી જે જન સમુદાયને હાસકારો કરી સમગ્ર રણ વિસ્તારમાં અનેક મકાન  હાઈસ્કુલ આપી આર્થિક લાભો કરેલ જોવા મળે છે આમ તે વિસ્તારમાં કફોડી પરિસ્થિતિમાં આર્થિક માનસિક સામાજિક બાબતમાં જન સમુદાયને પ્રત્યક્ષ લાભ જોવા મળેલ છે



ભુજિયા ડુંગર ઉપર ધરતીકંપમાં મૃત્યુ પામેલા લોકો માટે સ્મૃતિવન યાદગીરી રુપે બનાવવામાં આવ્યું છે. તેમાં દરેક વ્યક્તિને સમર્પિત એવા ૧૩,૮૨૩ વૃક્ષો વાવવામાં આવ્યા છે અને આ બાગમાં ૧૦૮ નાના તળાવો બનાવવામાં આવ્યા છે.

ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં નિયમિત પૂર, ચક્રવાત, સુનામી, ભૂકંપ, જેવી ઘટનાઓથી આપત્તિ આવતી હોય છે. દરેક પ્રકારના સંકટમાં ટકી રહેવા આને સામનો કરવા માટે વિવિધ પ્રકારના કૌશલ્ય અને વ્યવસ્થા હોય છે. તેમને ધ્યાનમાં રાખીને આપત્તિ નિવારણની તથા જોખમ નિવારણની વ્યૂહરચના હોવી જોઈએ.

કટોકટી વ્યવસ્થાપન એ આફત અથવા અણધારી આપત્તિ લાવી શકે તેવા જાન-માલ હાનિકર્તા જોખમોથી સંગઠનની અતિ મહત્વની આપતિઓનું સંરક્ષણ કરવા માટે, તથા તેમના આયોજિત જીવનકાળ પૂરતી તે ચાલુ રહે તેની ચોક્સાઈ રાખવા માટે ઉપયોગમાં લેવાતી વ્યૂહાત્મક સંગઠનકીય

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 133, March, 2024
Paper ID: RRJ393720
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-133-march-2024/RRJ393720

વ્યવસ્થાપન પ્રક્રિયાઓ સાથે કામ પાર પાડતા આંતરવિદ્યાશાખીય ક્ષેત્રનું વર્ગીય નામ છે. આ આપતિઓને કાંતો જીવિત માણસો, નિર્જીવ વસ્તુઓ, સાંસ્કૃતિક અથવા આર્થિક એમ વિભાગવામાં આવે છે. જાન-માલ હાનિકર્તા સંકટોને તેમના કારણ મુજબ, કાંતો કુદરતી અથવા માનવ-સર્જિત તરીકે વિભાગવામાં આવે છે. આ પ્રક્રિયાઓની ઓળખમાં મદદરૂપ થવા માટે સમગ્ર વ્યૂહાત્મક વ્યવસ્થાપન પ્રક્રિયાને ચાર ક્ષેત્રોમાં વિભાજીત કરવામાં આવી છે. આ ચાર ક્ષેત્રો સામાન્ય રીતે જોખમ ઘટાડવા, સંકટને પ્રતિભાવ આપવા માટે સ્રોતોને તૈયાર કરવા, સંકટના કારણે ખરેખર નીપજેલા નુકસાનને પ્રતિભાવ આપવા અને વધુ હાનિને રોકવા (ઉ.દા. તાત્કાલિક જગ્યા ખાલી કરવી, ક્વૉરેન્ટીન (અલગ પાડવું), સામૂહિક વિશુદ્ધિકરણ, વગેરે), અને આપત્તિની ઘટના પહેલાં જે સ્થિતિ હતી તેની વધુમાં વધુ નજીક પુનઃસ્થાપિત કરવી સાથે કામ પાર પાડે છે. આ ક્ષેત્રો ખાનગી અને જાહેર એમ બંને ક્ષેત્રોમાં હોય છે, બંને સમાન પ્રક્રિયાઓ ધરાવે છે, પણ તેમનું ફોકસ જુદું જુદું હોય છે. કટોકટી વ્યવસ્થાપન એ એક વ્યૂહાત્મક પ્રક્રિયા છે, અને કોઈ સુનિયોજિત પ્રક્રિયા નથી, આમ તે સામાન્ય રીતે સંગઠનમાં વહીવટી સ્તરે રહે છે. તેની પાસે સામાન્ય રીતે કોઈ સીધી સત્તા હોતી નથી, પણ તે સંગઠનના તમામ હિસ્સાઓ સામાન્ય ધ્યેય પર કેન્દ્રિત રહે તેની ચોક્સાઈ કરવા માટે પરામર્શક અથવા સંયોજન કાર્ય કરવાની ભૂમિકા નિભાવે છે. અસરકારક કટોકટી વ્યવસ્થાપન સંગઠનનાં તમામ સ્તરે કટોકટી યોજનાઓના સંપૂર્ણ એકીકરણ પર, અને સંગઠનના સૌથી નીચલાં સ્તરો કટોકટીની વ્યવસ્થા સંભાળવા માટે અને ઉપલાં સ્તરો પાસેથી વધારાના સ્રોતો અને સહાય મેળવી લાવવા માટે જવાબદાર છે.

કુદરતી આપત્તિઓ, આતંકવાદની ઘટનાઓ, અને અન્ય માનવ-સર્જિત દુર્ઘટનાઓને અટકાવવા, તેમની સામે રક્ષણ મેળવવા, તેમને પ્રતિક્રિયા આપવા, તેમાંથી બેઠા થવા અને તેમની અસરો ઘટાડવા માટેની ક્ષમતાઓને વધારવા અને અસરકારક સંયોજન કરવા માટે આયોજન, ગોઠવણ, તાલીમ, સાધન-સજ્જતા, કસરત, મૂલ્યાંકન અને સુધારણા પ્રવૃત્તિઓનું સતત ચાલતું ચક્ર છે. જે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS) કરતું આવ્યુ છે. જે ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. ભારતના નાગરિકોમાં તાલીમ પામેલા સ્વયંસેવકોનાં સંગઠનો વિકસાવવા. સામૂહિક કટોકટીઓમાં વ્યવસાયિક કટોકટી કાર્યકરો ઝડપથી કામના બોજા તળે દબાઈ જાય છે એટલે તાલીમ પામેલા, સુસંગઠિત, જવાબદાર સ્વયંસેવકો અત્યંત મૂલ્યવાન છે. જે આપણને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS) માં જોવા મળે છે. આમ, આપડા જન સમુદાયમાં તાલીમ પામેલા સ્વયંસેવકોનો તૈયાર સ્રોત છે. જે આપતિ સમયે તથા આપતિ બાદ જનસમુદાયને રાહત કામગીરી, બચાવની કામગીરી તથા આર્થિક તેમજ સામજિક રીતે મદદ કરવા સામે ચાલીને આગળ આવતા હોય છે.

સંદર્ભ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 133, March, 2024
Paper ID: RRJ393720
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-133-march-2024/RRJ393720

1. ધરતી તાંડવ, કિર્તી ખત્રી, સંપાદક, માણેકલાલ પટેલ, કલમ કાંતે કચ્છ, ગ્રંથ-૬
2. વિનાશની વરસી ટાણેટાણે નવસર્જન પર મીટ વિશેષ પ્રકાશન,૨૦૦૨, તંત્રી કિર્તી ખત્રી, સંપાદક જસુભાઈ સોની, મુદ્રક-પ્રકાશન સુરેશ ગલાબચંદ શાહ
3. કચ્છ મિત્ર, હિરક જયંતિ વિશેષાંક જુલાઈ-૨૦૦૮, ૬૦ વર્ષના સંભારણા ૧૯૪૭-૨૦૦૮